**સાતમી અતારાંકિત યાદી**
**સભાગૃહના મેજ ઉપર મૂક્યા**
**તારીખઃ ૨૨-૦૭-૨૦૧૯**

# ચૌદમી ગુજરાત વિધાનસભા

## ચોથુ સત્ર, ૨૦૧૯

## અતારાંકિત પ્રશ્નોત્તરી

**રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત ફંડના ધોરણો સુધારવા રજૂઆત**

અતારાંકિતઃ ૧૧૩૭ (૦૯-૦૭-૨૦૧૮) **ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : તા. ૨૬-૦૨-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૫૪ (અગ્રતા-૨૧) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત ફંડના ધોરણો સુધારવા રજૂઆત કરવામાં આવેલ જેમાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓને પણ સરકારી શાળાઓના ધોરણે સહાય મળવા બાબતની રજૂઆત કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયની વિચારણાને આધિન હતી તો તે મંજુર થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં ચાર વર્ષમાં ક્યારે શા પ્રયાસો કર્યા, અને

(૨) કરવામાં આવેલ પ્રયાસો અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૦૫-૦૩-૨૦૧૯)

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા ચાર વર્ષમાં ભારત સરકારને નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૨૬-૧૨-૨૦૧૪ના પત્રથી રજૂઆતમાં આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત આર.એમ.એસ.એ. માધ્યમિક શાળાઓ અને સરકારી માધ્યમિક શાળાઓને જે પ્રકારની નાણાકીય સહાય ફાળવવામાં આવે છે તે જ ધોરણે રાજ્યની અનુદાનિત શાળાઓને સહાય પુરી પાડવા રજૂઆત કરેલ હતી.

(૨) ભારત સરકાર દ્વારા આ બાબતે કોઈ પ્રતિભાવ મળ્યા નથી.

-------

**શિક્ષણ વિભાગની ફીનીશીંગ સ્કુલ યોજના હેઠળ તાલીમ**

અતારાંકિતઃ ૫૦૬૬ (૧૮-૦૧-૨૦૧૯) **શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શિક્ષણ વિભાગની ફીનીશીંગ સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત બનાસકાંઠા, કચ્છ અને અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (તા. ૦૨-૦૩-૨૦૧૯)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં શિક્ષણ વિભાગની ફીનીશીંગ સ્કૂલ પ્રોગ્રામ અંતર્ગત બનાસકાંઠા, કચ્છ અને અમદાવાદ જિલ્લામાં તાલીમ પામેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલીમ પામેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા** | | |
|---|---|---|
| બનાસકાંઠા | કચ્છ | અમદાવાદ |
| ૨૫૪ | ૭૩૬ | ૨૧૧૪ |

(૨) તે પૈકી સ્થિતિએ થયેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **થયેલ કુલ ખર્ચ** | | |
|---|---|---|
| બનાસકાંઠા | કચ્છ | અમદાવાદ |
| ૪,૬૩,૭૭૦.૦૦ | ૧૨,૪૫,૭૨૦.૦૦ | ૩૬,૫૩,૭૬૮.૦૦ |

-------

**રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક સહાયકોના પગારમાં વિસંગતતા**

અતારાંકિતઃ ૫૬૫૫ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા. ૨-૭-૧૯૯૯ થી ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં નીમણુંક પામેલ માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળાના શિક્ષણ સહાયકો તા. ૧-૧-૨૦૦૬ પછી નીમણુક પામેલ શિક્ષણ સહાયકો કરતા ઓછો પગાર મેળવે છે તે ગંભીર ફરિયાદથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ.

(૨) આવી ગંભીર વિસંગતતા થવાના મુખ્ય શા કારણો છે, અને

(૩) આ વિસંગતતા દુર કરવા સરકારે શા પગલા ભર્યા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (તા. ૦૫-૦૩-૨૦૧૯)

(૧) હા જી.

(૨) નાણા વિભાગના તા. ૨૭-૦૨-૨૦૦૯ના જાહેરનામા ક્રમાંકઃ (GN-8) PGR-1009-2-Pay Cell (M)થી છઠ્ઠા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે રાજ્યના કર્મચારીઓની પગાર સુધારણા કરવામાં આવેલ છે.

- આ જાહેરનામાંની જોગવાઈઓ મુજબ રાજ્યની સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોના પગારમાં વિસંગતતા જણાતી નથી.
- ઉકત જાહેરનામાંની જોગવાઈ મુજબ તા.૦૧-૦૧-૨૦૦૬ ના રોજ કે તે પછી નિમણૂંક પામેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકને એન્ટ્રી લેવલ પે મળવાપાત્ર થતો હોઈ, પગારમાં વિસંગતતા ઉદભવેલ છે.

(૩) આ બાબત નાણા વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે.

-------

**સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક સહાયકોના પગારમાં વિસંગતતા બાબત**

અતારાંકિતઃ ૫૬૫૬ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સરકારી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળામાં રૂા. ૪૨૦૦ અને ૪૪૦૦ ગ્રેડ પે ધરાવતા સહાયકોને અનુક્રમે રૂા. ૩૧૩૪૦ અને ૩૮૦૯૦ ફીક્સ પગાર આપવમાં આવે છે તે હકીકત સાચી છે.

(૨) પરંતુ ટ્રસ્ટ સંચાલીત ૧૦૦ ટકા સરકારી અનુદાનવાળી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળાના શિક્ષણ સહાયકોને રૂા. ૨૫૦૦૦ અને ૨૬૦૦૦ ફીક્સ પગાર આપવમાં આવે છે તે ગંભીર ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ ?

(૩) આ ફરિયાદ દુર કરવા સરકાર કક્ષાએ શા પગલા લેવાયા છે, અને

(૪) આ ફરિયાદને ક્યાં સુધીમાં દુર કરવામાં આવનાર છે.

**શિક્ષણ મંત્રીશ્રી :** (તા. ૦૫-૦૩-૨૦૧૯)

(૧) હા જી.

(૨) હા જી.

(૩) આ પગારની વિસંગતતા દૂર કરવા બાબતે શિક્ષણ વિભાગ દ્વારા નાણા વિભાગને ફાઈલ રજૂ કરવામાં આવેલ છે.

(૪) નાણા વિભાગ દ્વારા મંજૂરી મળ્યેથી.

-------

**રાજ્યમાં વધી રહેલ રોગોનું પ્રમાણ**

અતારાંકિતઃ ૩૩૮૪ (૨૮-૧૨-૨૦૧૮) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં થાઈરોઈડ, હૃદય રોગ, કેન્સર, કીડનીના રોગોનું પ્રમાણ તા.૩૦-૦૯-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વધ્યુ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત રોગોના નિયંત્રણ માટે રાજ્ય સરકારે શાં પગલા લીધા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૬-૦૩-૨૦૧૯)

(૧) હા.

(૨) સરકારી હોસ્પિટલોમાં થાઈરોઈડ, હૃદય રોગ, કેન્સર, કીડનીના રોગોની સારવાર વિનામુલ્યે ઉપલબ્ધ કરવામાં આવે છે તથા જનજાગૃતિ કેળવાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ રોગોના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે પુરતા પ્રમાણમાં મેડીકલ સાધનો અને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. NPCDCS પ્રોગ્રામ અને NCD ક્લીનીક ચાલુ કરવામાં આવેલ છે. ગરીબી રેખા નીચે આવતા તેમજ મધ્યમ વર્ગના દર્દીઓને વિનામુલ્યે સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારની વિવિધ યોજના જેવી કે શાળા આરોગ્ય કાર્યક્રમ, મુખ્યમંત્રી અમૃતમ યોજના, (મા યોજના), મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના, તથા આયુષમાન ભારત જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

-------

**રાજ્યની ડેન્ટલ કોલેજોમાં ઉપલબ્ધ બેઠકો**

અતારાંકિતઃ ૪૮૯૩ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો છે, અને

(૨) સરકારી અને સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોની કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૦૨-૦૩-૨૦૧૯)

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં ૨(બે) સરકારી અને ૧૧(અગીયાર) સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો છે.

(૨) સરકારી અને સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોની કુલ નીચે મુજબની બેઠકો ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| ૨(બે) સરકારી ડેન્ટલ કોલેજોની બેઠકો | ૨૦૦ |
| ૧૧(અગીયાર) સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોની બેઠકો | ૧૦૪૦ |
| **કુલ** | **૧૨૪૦** |

-------

**જામનગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ ૫૧૪૯ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) :** (તા. ૨૫–૦૪–૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ખાંભળીયા | ૩ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૨ | કાલાવાડ | ૨ | ૪ | ૮ | ૦ | ૧૦ |
| ૩ | ધ્રોલ | ૨ | ૩ | ૧ | ૩ | ૯ |
| ૪ | જોડીયા | ૧ | ૩ | ૦ | ૦ | ૪ |
| ૫ | કલ્યાણપુર | ૧ | ૩ | ૨ | ૦ | ૦ |
| ૬ | દ્વારકા | ૧ | ૪ | ૨ | ૦ | ૦ |
| ૭ | જામજોધપુર | ૧ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૮ | ભાણવડ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૯ | લાલપુર | ૨ | ૨ | ૩ | ૨ | ૧૧ |
| ૧૦ | જામનગર | ૪ | ૧ | ૨ | ૭ | ૧૯ |
| ૧૧ | જામરાવલ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૯** | **૨૫** | **૨૧** | **૧૩** | **૫૪** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન–સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

–––––––

**પોરબંદર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ ૫૧૬૭ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પોરબંદર જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫–૦૪–૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | પોરબંદર | ૩૩ | ૩૮ | ૨૫ | ૧૯ | ૧૫ |
| ૨ | રાણાવાવ | ૩૦ | ૨૮ | ૨૮ | ૧૬ | ૧૪ |
| ૩ | કુતિયાણા | ૨૯ | ૪૪ | ૨૩ | ૨૧ | ૧૩ |
| | **કુલ** | **૯૨** | **૧૧૦** | **૭૬** | **૫૬** | **૪૨** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન–સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવામાં આવેલ છે.

–––––––

**ખેડા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ ૫૧૯૯ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫-૦૪-૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** |
|---|---|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** | **(૭)** |
| ૧ | નડીયાદ | ૩ | ૦ | ૫ | ૧ | ૦ |
| ૨ | કપડવંજ | ૧ | ૩ | ૩ | ૧ | ૧ |
| ૩ | કઠલાલ | ૨ | ૫ | ૨ | ૨ | ૫ |
| ૪ | ખેડા | ૨ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫ | ઠાસરા | ૬ | ૪ | ૩ | ૫ | ૪ |
| ૬ | બાલાસીનોર | ૨ | ૦ | ૧ | ૦ | |
| ૭ | મહુધા | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૮ | મહેમદાવાદ | ૩ | ૪ | ૬ | ૦ | ૩ |
| ૯ | માતર | ૨ | ૨ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | વીરપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | વાસો | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| ૧૨ | ગળતેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | **કુલ** | **૨૩** | **૧૯** | **૨૩** | **૧૧** | **૨૦** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન-સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

-------

**મહિસાગર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ ૫૨૦૯ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મહિસાગર જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી,

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫–૦૪–૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | બાલાશીનોર | જિલ્લો નવો થયેલ છે. | | ૪ | ૯ | ૯ |
| ૨ | લુણાવાડા | | | ૧ | ૨ | ૩ |
| ૩ | ખાનપુર | | | ૩ | ૩ | ૨ |
| ૪ | કડાણા | | | ૦ | ૧ | ૪ |
| ૫ | સંતરામપુર | | | ૦ | ૧ | ૧ |
| ૬ | વિરપુર | | | ૨ | ૦ | ૪ |
| | | | **કુલ** | **૧૦** | **૧૬** | **૨૩** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન–સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

–––––––

**છોટા ઉદેપુર જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત**

અતારાંકિતઃ ૫૨૧૮ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫–૦૪–૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | છોટાઉદેપુર | જિલ્લો નવો થયેલ છે. | | ૪ | ૧૩ | ૧૧ |
| ૨ | પાવી જેતપુર | | | ૩ | ૯ | ૫ |
| ૩ | નસવાડી | | | ૧ | ૧૫ | ૭ |
| ૪ | કંવાટ | | | ૩ | ૧૧ | ૭ |
| ૫ | સંખડા | | | ૧ | ૭ | ૩ |
| ૬ | બોડેલી | | | ૪ | ૧૭ | ૩૦ |
| | | | **કુલ** | **૧૬** | **૭૨** | **૬૩** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન–સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

–––––––

### દાહોદ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત

અતારાંકિતઃ ૫૨૨૭ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫-૦૪-૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** |
|---|---|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** | **(૭)** |
| ૧ | દાહોદ | ૩ | ૩ | ૬ | ૫ | ૧ |
| ૨ | દેવગઢ બારીયા | ૩ | ૪ | ૩ | ૪ | ૦ |
| ૩ | ધાનપુર | ૫ | ૨ | ૫ | ૪ | ૨ |
| ૪ | ફતેપુરા | ૯ | ૬ | ૫ | ૬ | ૪ |
| ૫ | ગરબાડા | ૫ | ૩ | ૨ | ૩ | ૨ |
| ૬ | લીમખેડા | ૬ | ૧૩ | ૧૨ | ૫ | ૨ |
| ૭ | ઝાલોદ | ૧૦ | ૧૨ | ૧૫ | ૧૧ | ૧૦ |
| ૮ | સંજેલી | ૦ | ૦ | ૨ | ૨ | ૧ |
| | **કુલ** | **૪૧** | **૪૩** | **૫૦** | **૪૦** | **૨૨** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન-સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

-------

### નવસારી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલ મુલાકાત

અતારાંકિતઃ ૫૨૪૯ (૨૧-૦૧-૨૦૧૯) **શ્રી અનંતકુમાર પટેલ** (વાસંદા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નવાસારી જિલ્લામાં તાલુકાવાર ક્યા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કેટલીવાર લેવામાં આવી.

(૨) એમાં મુખ્યત્વે ક્યા પ્રકારના પ્રશ્નો ઉદભવેલ હતા, અને

(૩) તે પૈકી કેટલા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૨૫-૦૪-૨૦૧૯)

(૧) માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **૨૦૧૫-૧૬** | **૨૦૧૬-૧૭** | **૨૦૧૭-૧૮** |
|---|---|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** | **(૭)** |
| ૧ | ગણદેવી | ૨ | ૪ | ૨ | ૩ | ૮ |
| ૨ | ચીખલી | ૨ | ૮ | ૪ | ૯ | ૩૦ |
| ૩ | ખેરગામ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૪ | વાંસદા | ૧ | ૨ | ૬ | ૬ | ૬ |
| ૫ | જલાલપોર | ૭ | ૪ | ૩ | ૧ | ૮ |
| ૬ | નવસારી | ૫ | ૧ | ૩ | ૩ | ૨ |
| | **કુલ** | **૧૭** | **૧૯** | **૧૮** | **૨૬** | **૫૮** |

(૨) એમાં મુખ્યત્વે સ્વચ્છતા, વાહન, સાધન-સુવિધા, સ્ટાફની ઘટ જેવા વહીવટી પ્રશ્નો ઉદભવેલ હતા.

(૩) જે તમામ પ્રશ્નોનું નિવારણ કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

-------

## રાજ્યમાં લીવર પ્રત્યારોપણની આવેલ હોસ્પિટલો

અતારાંકિતઃ ૫૩૧૫ (૨૨–૦૧–૨૦૧૯) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતીએ રાજયમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની માન્યતા ધરાવતી કેટલી હોસ્પિટલો છે,

(૨) આ કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણ માટે કેટલા દર્દીઓની માંગણી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર આવી,

(૩) તે પૈકી કેટલા કેસોમાં લીવર પ્રત્યારોપણની મંજુરી ઉકત વર્ષવાર આપવામાં આવી, અને

(૪) બાકી કેસોને મંજુરી ન આપવાના મુખ્ય કારણો શા છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (તા. ૦૬–૦૩–૨૦૧૯)

(૧) ૬

(૨)

| ક્રમ | વર્ષ | વર્ષવાર લીવર પ્રત્યારોપણની માંગણી |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૦૫ |
| ૨ | ૨૦૧૫ | ૦૬ |
| ૩ | ૨૦૧૬ | ૦૭ |
| ૪ | ૨૦૧૭ | ૦૪ |
| ૫ | ૨૦૧૮ | ૧૫ |

(૩)

| ક્રમ | વર્ષ | વર્ષવાર લીવર પ્રત્યારોપણની મંજુરી |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૦૫ |
| ૨ | ૨૦૧૫ | ૦૬ |
| ૩ | ૨૦૧૬ | ૦૭ |
| ૪ | ૨૦૧૭ | ૦૪ |
| ૫ | ૨૦૧૮ | ૧૫ |

(૪) ઉકત સ્થિતિએ કોઈ કેસ બાકી ન હોઈ મંજુરી ન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## વિઠ્ઠલાપુર ખાતેની હોન્ડા મોટર સાયકલ અને સ્કુટર કંપની દ્વારા રાજ્યને મળેલ લાભો

અતારાંકિતઃ ૪૬૮૨ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતે હોન્ડા મોટર સાયકલ અને સ્કુટર ઈન્ડીયા પ્રા. લી. સાથે તા. ૩૦–૦૯ ૨૦૧૪ના રોજ થયેલ એગ્રીમેન્ટ મુજબ તા.૩૦–૧૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ક્યા લાભો આપવમાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (તા. ૧૨–૦૩–૨૦૧૯)

હોન્ડા મોટર સાયકલ અને સ્કુટર ઈન્ડિયા પ્રા. લિ.ને તા.૩૦–૧૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અત્રેની કચેરીએ કંપનીને કોઈ લાભ આપવામાં આવેલ નથી.

–––––––

### ટાટા નેનો ઉદ્યોગને અપાયેલ જમીનની દેખરેખ માટે મોનીટરીંગ કમિટી

અતારાંકિતઃ ૪૭૬૩ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ સાણંદ ખાતે ટાટા નેનો ઉદ્યોગને અપાયેલ જમીન પછી તેના દેખરેખ માટે તા.૦૧–૦૧–૨૦૦૯ના પરિપત્ર/ઠરાવ અન્વયે અધિકારીઓની મોનીટરીંગ કમિટિ નિમવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો, હા તો કમિટીની કેટલી બેઠકો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે યોજવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (તા. ૧૨–૦૩–૨૦૧૯)

(૧) હા,

(૨) છેલ્લા પાંચ વર્ષમાં કમીટીની બેઠક ૧ વખત તા. ૧૯–૧૧–૨૦૧૮ના રોજ યોજાયેલ હતી.

-------

### રાજ્યમાં ઈ–રોયલ્ટી પાવતી આધારે ઓવરલોડ ખનીજ વહન

અતારાંકિતઃ ૫૦૭૯ (૨૪–૦૧–૨૦૧૯) **ગેનીબેન ઠાકોર** (વાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખનીજ વહન કરવાના ઈ–રોયલ્ટી પાવતી આધારે ઓવરલોડ ખનીજ માલ ભરવાની અને ઓવરલોડ ખનીજ વહન કરવા અંગે કુલ કેટલા વાહનો પકડાયા,

(૨) ઉકત સ્થિતિએ વાહનોમાં ઓવરલોડ ખનીજ ભરનાર તથા ઓવરલોડ ખનીજ વહન કરનાર સામે શા પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ઓવરલોડ ગુન્હામાં દંડ વસુલ કરવામાં આવ્યો?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) **:** (તા. ૦૬–૦૩–૨૦૧૯)

(૧) વાહનોમાં ઓવરલોડ અંગેના ગુન્હા મોટર વ્હિકલ એકટ હેઠળ નોંધાય છે, જે ખાણ–ખનિજ પ્રભાગના કાર્યક્ષેત્રમાં આવતા ન હોઈ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### સાણંદ ખાતે ટાટા નેનો ઉદ્યોગની દેખરેખ માટે મોનીટરીંગ કમિટી

અતારાંકિતઃ ૫૧૨૩ (૨૪–૦૧–૨૦૧૯) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ સાણંદ ખાતે ટાટા નેનો ઉદ્યોગને અપાયેલ જમીન પછી તેના દેખરેખ માટે તા.૦૧–૦૧–૨૦૦૯ના પરિપત્ર અન્વયે અધિકારીઓની મોનીટરીંગ કમિટિ નિમવામાં આવેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કમીટીની કેટલી વખત બેઠકો યોજવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (તા. ૧૨–૦૩–૨૦૧૯)

(૧) તા.૦૧–૦૧–૨૦૦૯ના રોજ પરિપત્ર થયેલ નથી પરંતુ તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવ અન્વયે મોનીટરીંગ કમિટી નિમવામાં આવેલ છે.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં ઠરાવ અન્વયેની નીમેલ કમીટીની બેઠક ૧(એક) વખત યોજવામાં આવી હતી.

-------

**રાજ્યમાં બોઈલર એન્ડ સ્ટીમ જનરેટીંગ પ્લાન્ટ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૪૫૨ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં બોઈલર એન્ડ સ્ટીમ જનરેટીંગ પ્લાન્ટ સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ): (૧૨-૦૩-૨૦૧૯)

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં બોઈલર એન્ડ સ્ટીમ જનરેટીંગ પ્લાન્ટ સેક્ટરમાં પ્રોત્સાહન મેળવનાર એકમો મારફતે નીચે મુજબનું મૂડીરોકાણ આવ્યું.

| અનુક્રમ | વર્ષ | રોકાણ(લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | રાજ્યમાં આ વર્ષમાં વ્યાજ સહાય યોજના હેઠળ કોઈ અરજી મળેલ નથી. |
| ૨ | ૨૦૧૫ | ૩૫૯૮.૬૫ |
| ૩ | ૨૦૧૬ | ૧૯૬૪.૬૫ |
| ૪ | ૨૦૧૭ | ૧૮૭૭.૬૦ |
| ૫ | ૨૦૧૮ | ૧૬૫૬.૯૨ |

-------

**રાજ્યમાં મશીન ટુલ્સ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૪૯૪ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં મશીન ટુલ્સ સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ): (૧૨-૦૩-૨૦૧૯)

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં મશીન ટુલ્સ સેક્ટરમાં પ્રોત્સાહન મેળવનાર એકમો મારફતે નીચે મુજબનું મૂડીરોકાણ આવ્યું.

| અનુક્રમ | વર્ષ | રોકાણ(લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૩૪૯૮૮.૧ |
| ૨ | ૨૦૧૫ | ૫૨૧૩૪.૩૭ |
| ૩ | ૨૦૧૬ | ૩૮૨૧૧.૮૨ |
| ૪ | ૨૦૧૭ | ૩૧૨૫૭.૦૧ |
| ૫ | ૨૦૧૮ | ૮૯૮૯.૫૪ |

-------

**એમએસએમઈ એન્ટરપ્રાઈઝ લેધર પ્રોડક્ટસ ગૃપમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૪૯૮ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં એમએસએમઈ એન્ટરપ્રાઈઝ લેધર પ્રોડક્ટસ ગૃપમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ): (૧૨-૦૩-૨૦૧૯)

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં એમએસએમઈ એન્ટરપ્રાઈઝમાં લેધર પ્રોડક્ટસ ગ્રુપમાં પ્રોત્સાહન મેળવનાર એકમો મારફતે નીચે મુજબનું મૂડીરોકાણ આવ્યું.

| અનુક્રમ | વર્ષ | રોકાણ(લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૯૨૫.૮૫ |
| ૨ | ૨૦૧૫ | ૩૭૫૦.૧૬ |
| ૩ | ૨૦૧૬ | ૧૩૬૯.૧૩ |
| ૪ | ૨૦૧૭ | ૨૧૬૯.૮૧ |
| ૫ | ૨૦૧૮ | ૨૯૬.૪૩ |

-------

**રાજ્યમાં કોમ્યુ. ઓફીસ એન્ડ હાઉસહોલ્ડ ઈક્વીપમેન્ટ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૫૧૬ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કોમ્યુ. ઓફીસ એન્ડ હાઉસહોલ્ડ ઈક્વીપમેન્ટ સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ): (૧૨-૦૩-૨૦૧૯)

તા. ૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કોમ્યુ. ઓફીસ એન્ડ હાઉસહોલ્ડ ઈક્વીપમેન્ટ સેક્ટરમાં પ્રોત્સાહન મેળવનાર એકમો મારફતે નીચે મુજબ મૂડીરોકાણ આવ્યું.

| અનુક્રમ | વર્ષ | રોકાણ(લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | - |
| ૨ | ૨૦૧૫ | ૨૦૪૫.૭૮ |
| ૩ | ૨૦૧૬ | ૮૧૬.૪૦ |
| ૪ | ૨૦૧૭ | ૧૪૮૦.૪૧ |
| ૫ | ૨૦૧૮ | ૭૪.૫ |

-------

**રાજ્યમાં પેપર એન્ડ પલ્સ પેપર પ્રોડકટ સેકટરમાં મૂડી રોકાણ**

અતારાંકિતઃ ૫૫૮૬ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પેપર એન્ડ પલ્સ પેપર પ્રોડકટસ સેકટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૧૧-૦૩-૨૦૧૯)

તા. ૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પેપર એન્ડ પલ્સ પેપર પ્રોડકટસ સેકટરમાં પ્રોત્સાહન મેળવનાર એકમો મારફતે નીચે મુજબ મૂડીરોકાણ આવ્યું.

| અનુક્રમ | વર્ષ | રોકાણ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૧૭૦૫૫.૧૭ |
| ૨ | ૨૦૧૫ | ૩૫૯૮૬.૬૯ |
| ૩ | ૨૦૧૬ | ૩૯૬૨૪.૮ |
| ૪ | ૨૦૧૭ | ૨૯૧૮૨.૪૪ |
| ૫ | ૨૦૧૮ | ૧૪૭૫૮.૮૭ |

-------

**રાજ્યમાં જિલ્લાવાર તાલુકાઓને અછતગ્રસ્ત કે અર્ધ અછતગ્રસ્ત જાહેર કરવા બાબત.**

અતારાંકિતઃ ૩૨૯૦ (૦૨–૧૧–૨૦૧૮) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તાલુકાઓ અછતગ્રસ્ત કે અર્ધ અછતગ્રસ્ત હેઠળ સમાવેશ કરી જાહેર કરાયા, અને

(૨) ઉકત અછતગ્રસ્ત કે અર્ધ અછતગ્રસ્ત જાહેર કરાયેલ તાલુકાઓમાં કેટલા રાહત કામો અને કેટલી સહાય આપવામાં આવે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (તા. ૨૬–૦૨–૨૦૧૯)

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ રાજ્ય સરકારે તા. ૨૯–૦૯–૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ અછત/૧૦૨૦૧૮/૬૪૮/સ.૧ થી તા. ૦૧–૧૦–૨૦૧૮ થી અમલમાં આવે તે રીતે કચ્છ જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓ, બનાસકાંઠા જિલ્લાનાં ચાર તાલુકાઓ, પાટણ જિલ્લાનો એક તથા અમદાવાદ જિલ્લાનો એક તાલુકો મળી કુલ ૪ જિલ્લાના ૧૬ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરેલ છે.

(૨) **પશુસહાય**

ઉકત જાહેર કરાયેલ અછતગ્રસ્ત તાલુકાઓમાં રજિસ્ટર્ડ પાંજરાપોળ / રજિસ્ટર્ડ ગૌશાળાના પશુઓને રૂ. ૨૫/- પ્રતિ પશુ પ્રતિ દિન રોકડ સહાય આપવામાં આવે છે.

**રાહતદરે ઘાસ**

ખાનગી પશુધારકોને ઘાસ કાર્ડ પર પ્રતિ પશુ પ્રતિ દિન ચાર કિ.ગ્રા. ઘાસ રૂ. ૨/- પ્રતિ કિ.ગ્રા. ના રાહતદરે વધુમાં વધુ પાંચ પશુઓની મર્યાદામાં એકસામટું એક અઠવાડિયા માટે વિતરણ કરવામાં આવે છે.

**રોજગારી**

અછતગ્રસ્ત વિસ્તારોમાં લોકોને મનરેગા યોજના હેઠળ જોબકાર્ડ ધારક કુટુંબોને ૧૦૦ દિવસની મહત્તમ મર્યાદામાં જરૂર જણાયે વધારો કરીને ૧૫૦ દિવસ સુધી રોજગારી પૂરી પાડવામાં આવે છે.

**પીવાનું પાણી**

અછતગ્રસ્ત તાલુકાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા અને અછતને આનુષંગિક સમસ્યાઓના નિવારણ માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા હયાત જુથ પાણી પુરવઠા યોજનામાં સુધારણા, નવીન ટયુબવેલ, હેન્ડપંપ અને ટેન્કરની જોગવાઈ જેવી કામગીરી કરવામાં આવે છે.

-------

**ભરૂચ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોને મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૫૬૧૫ (૧૨–૦૨–૨૦૧૯) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર તાલુકાવાર ઈ–ધરા કેન્દ્રોમાં વારસાઈ અને વેચાણની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરી એન્ટ્રીઓ પાડવામાં આવી,

(૩) વર્ષવાર કેટલી અરજીઓ ઉકત પૈકી નામંજૂર કરવામાં આવી અને આવી અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે, અને

(૪) ઉકત નામંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ પુનઃ વિચારણા કરી મંજૂર કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૧૪–૦૩–૨૦૧૯)

(૧) **પત્રક–અ** મુજબ

(૨) ૬૩,૨૧૭

(૩) **પત્રક–બ** મુજબ

(૪) ૦૦

| પત્રક–અ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪ | | ૨૦૧૫ | | ૨૦૧૬ | | ૨૦૧૭ | | ૨૦૧૮ | |
| | | વારસાઈની મળેલ અરજીઓ | વેચાણની મળેલ અરજીઓ | વારસાઈની મળેલ અરજીઓ | વેચાણની મળેલ અરજીઓ | વારસાઈની મળેલ અરજીઓ | વેચાણની મળેલ અરજીઓ | વારસાઈની મળેલ અરજીઓ | વેચાણની મળેલ અરજીઓ | વારસાઈની મળેલ અરજીઓ | વેચાણની મળેલ અરજીઓ |
| ૧ | ભરૂચ | ૧૨૬૨ | ૫૪૧૪ | ૯૮૭ | ૪૯૦૫ | ૯૩૧ | ૩૮૩૨ | ૮૩૮ | ૨૯૬૬ | ૧૦૫૦ | ૪૧૭૯ |
| ૨ | વાગરા | ૫૦૧ | ૩૬૯૭ | ૩૭૮ | ૨૩૧૬ | ૩૫૮ | ૧૫૯૫ | ૩૨૭ | ૧૫૫૩ | ૪૦૪ | ૧૨૦૮ |
| ૩ | જબુંસર | ૧૪૭૦ | ૧૫૯૬ | ૮૧૮ | ૮૯૫ | ૮૯૨ | ૮૨૫ | ૫૭૬ | ૬૩૬ | ૭૨૨ | ૮૦૯ |
| ૪ | આમોદ | ૬૫૯ | ૭૩૯ | ૪૬૪ | ૭૦૮ | ૫૨૩ | ૮૫૬ | ૪૨૮ | ૫૨૮ | ૪૩૪ | ૪૭૩ |
| ૫ | અંકલેશ્વર | ૮૬૫ | ૧૫૬૬ | ૭૦૧ | ૧૨૪૫ | ૫૯૬ | ૧૧૨૦ | ૩૭૭ | ૮૨૨ | ૫૬૨ | ૧૦૮૬ |
| ૬ | હાંસોટ | ૬૩૮ | ૯૭૧ | ૪૭૩ | ૯૧૬ | ૩૭૧ | ૭૧૫ | ૩૨૭ | ૪૦૯ | ૪૩૭ | ૪૩૯ |
| ૭ | ઝઘડિયા | ૮૦૬ | ૪૭૫ | ૫૪૭ | ૩૪૫ | ૫૩૦ | ૩૩૭ | ૪૯૭ | ૨૨૬ | ૫૩૮ | ૩૧૧ |
| ૮ | વાલીયા | ૫૨૯ | ૨૯૮ | ૩૦૯ | ૨૬૩ | ૨૬૪ | ૨૨૨ | ૨૦૭ | ૧૯૮ | ૨૭૪ | ૨૫૨ |
| ૯ | નેત્રંગ | ૩૧૩ | ૬૬ | ૨૦૮ | ૬૧ | ૧૫૧ | ૪૬ | ૧૨૮ | ૪૮ | ૨૦૭ | ૪૯ |
| | **કુલ** | **૭૦૪૩** | **૧૪૮૨૨** | **૪૮૮૫** | **૧૧૬૫૪** | **૪૬૧૬** | **૯૫૪૮** | **૩૭૦૫** | **૭૩૮૬** | **૪૬૨૮** | **૮૮૦૬** |

| પત્રક–બ | |
|---|---|
| **વર્ષ** | **ઉક્ત અરજીઓ પૈકી નામંજૂર કરેલ અરજીઓ** |
| ૨૦૧૪ | ૨૦૨૮ |
| ૨૦૧૫ | ૧૩૭૯ |
| ૨૦૧૬ | ૭૯૫ |
| ૨૦૧૭ | ૫૯૦ |
| ૨૦૧૮ | ૯૦૦ |

નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) મરણનો દાખલો રજુ થયેલ ન હોય, પેડીનામું, સોગંદનામું રજુ થયેલ ન હોય,

(૨) ૧૩૫–ડી ની નોટીસ તમામ પક્ષકારોને બજેલ ન હોવાથી,

(૩) અધુરા પેઢીનામા રજુ થયેલ હોય,

(૪) વેચાણ દસ્તાવેજ તથા ૭/૧૨ માં નામમાં વિસંગતતા હોવાથી,

(૫) ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી,

(૬) વેચાણની નોંધમાં પાવર તથા સોગંદનામું રજુ કરેલ ન હોવાથી,

(૭) વેચાણની નોંધમાં ખેડુત ખરાઈ થઈ આવેલ ન હોવાથી,

(૮) વેચાણ આપનારને નોટીસ ન મળવાથી,

(૯) ટાઈટલ કલીયર ન હોવાથી,

(૧૦) બિનખેતી હુકમની નકલ રજુ થયેલ ન હોય,

(૧૧) પાવર હયાત હોવાનું સોગંદનામું રજુ થયેલ ન હોય,

(૧૨) બીજા હકકમાં બોજા ચાલતા હોય,

(૧૩) સહ કબજેદાર પૈકી તમામની સંમતિ સાથે દસ્તાવેજ કરેલ ન હોય,

–––––––

**રાજ્યમાં બિન અનામત જ્ઞાતિઓમાં નબળા વર્ગને સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ**

અતારાંકિતઃ ૪૫૫૬ (૦૯–૦૧–૨૦૧૯) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બિન અનામત જ્ઞાતિઓમાં નબળા વર્ગને સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ માટે તા. ૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ કેટલી સહાય આપવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમની કેટલી અરજીઓ મળી,

(૩) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) મંજૂર થયેલ રકમ પૈકી કેટલી અરજીઓમાં કેટલી રકમ ચૂકવાયેલી છે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :** (૧૧–૦૩–૨૦૧૯)

(૧) રૂ. ૨૦,૦૦૦ સુધી

(૨)
અને
(૩) }

| વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦૧૮–૧૯ | ૦૯ | ૦ | ૦ | ૦૯ |

(૪) શૂન્ય

–––––––

**કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ લોન**

અતારાંકિતઃ ૪૮૩૭ (૦૯–૦૧–૨૦૧૯) **શ્રીમતિ સંતોકબેન આરેઠીયા** (રાપર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઉચ્ચ અભ્યાસ લોન માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ તેમજ કેટલી નામંજૂર થઈ,

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના શા કારણો છે, અને

(૪) ઉકત સ્થિતિએ પડતર પડેલ અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :** (૧૧–૦૩–૨૦૧૯)

(૧) ૩૫ અરજીઓ

(૨) તે પૈકી ૨૯ અરજીઓ મંજૂર કરવામાં આવી જ્યારે ૫ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૩) (૧) લોન દસ્તાવેજ રજૂ કરેલ ન હોવાથી

(૨) NBCFDC નવી દિલ્હીની ગાઈડલાઈન મુજબ અમાન્ય કોર્ષ હોવાથી

